### ધોરણ-૧૨ સાયન્સમાં આખું પેપર સબ્જેક્ટિવ રાખવાનો નિર્ણય

# પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર સામે વાલીઓમાં રોષ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સમાં પરીક્ષાની પદ્ધતિમાં ફેરફાર કરવાનો નિર્ણય લેતા વાલીઓમાં રોષ ફેલાયો છે. બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સમાં બહુવિકલ્પ પ્રશ્નોના બદલે હવે આખું પેપર જ સબ્જેક્ટિવ રાખવાનું નક્કી કરાતા વાલીઓ અને વિદ્યાર્થીઓ અકળાયા છે. એક બાજુ તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ MCQ પેટર્નથી લેવાય છે ત્યારે ગુજરાત બોર્ડ દ્વારા ધો.૧૨માં MCQ પેટર્ન હટાવવાનો નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓને નુકસાન જવાની શક્યતા છે. આ મુદ્દે ગુજરાત વાલી મંડળ દ્વારા રાજ્યના શિક્ષણમંત્રી અને બોર્ડના અધિકારીઓને પણ મળીને રજૂઆત કરી હોવાનું જાણવા મળે છે.

શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં ધો.૧૨ સાયન્સમાં પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાની જાહેરાત કરી હતી. બોર્ડ દ્વારા અત્યાર સુધી ધો.૧૨ સાયન્સમાં ૫૦ માર્કના પ્રશ્નો MCQ અને ૫૦ માર્કના પ્રશ્નો સબ્જેક્ટિવ પૂછવામાં આવતા હતા. આ પદ્ધતિમાં ફેરફાર કરી બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સમાં તમામ પ્રશ્નો સબ્જેક્ટિવ પૂછવામાં આવશે તેવો નિર્ણય લેવાયો છે. આ નિર્ણયના લીધે વિદ્યાર્થીઓને નુકસાન જવાની શક્યતા હોઈ તાત્કાલીક સ્ક્રુઊ પેટર્નનો અમલ કરવામાં આવે તેવી માગણી ઊઠવા પામી છે.

ગુજરાત બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સમાં CBSEના અભ્યાસક્રમનો અમલ શરૂ કર્યો છે. પરંતુ MCQ પેટર્ન હટાવતા વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મુશ્કેલી પડી શકે તેમ છે. હાલમાં લેવાતી ગુજકેટ, નીટ, જેઈઈ સહિતની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ MCQ પેટર્ન પર લેવામાં આવે છે. હવે જ્યારે ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને MCQનો મહાવરો જ નહીં રહે તો તેઓ સ્પર્ધાત્મક પરીક્ષામાં સારો દેખાવ કરી શકશે નહીં. ઉપરાંત મેડિકલ-ઈજનેરી સહિતના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ધો.૧૨ના ગુણ ગણવામાં આવતા ન હોવા છતાં વિદ્યાર્થીઓ માટે પરીક્ષા વધુ મુશ્કેલ કરવામાં આવતા વાલીઓમાં પણ રોષ ફેલાયો છે.

ગુજરાત વાલીમંડળ દ્વારા આ મુદ્દે રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને બોર્ડના ચેરમેન એ.જે. શાહને રજૂઆત કરી છે. બોર્ડ દ્વારા આ મુદ્દે હાલમાં કોઈ ફેરફાર કરવાની તૈયારી કરવામાં આવી હોય તેમ જણાતું નથી. MCQ પેટર્નમાં વિદ્યાર્થીઓ કોપી કરતા હોવાનો લૂલો બચાવ કરી પેટર્ન બદલવામાં આવી હોવાનું પણ બહાર આવ્યું છે. આમ, બોર્ડ પોતાની નિષ્ફળતા સંતાડવા માટે વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે ચેડાં કરી રહ્યું હોવાનો આક્ષેપ પણ વાલીઓએ કર્યો છે.

શિક્ષણ બોર્ડ દ્વારા અગાઉ ધો.૧૨ સાયન્સમાં તમામ પ્રશ્નો સબ્જેક્ટિવ પ્રકારના પૂછવામાં આવતા હતા. જોકે, ત્યારબાદ બોર્ડે ધો.૧૨ સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમ દાખલ કરતા MCQ પેટર્ન શરૂ કરાઈ હતી. જેમાં ચાર સેમેસ્ટરના અંતે વિદ્યાર્થી પાસ કે નાપાસ જાહેર થતો હતો. ત્યારબાદ સેમેસ્ટર સિસ્ટમ હટાવી લીધા બાદ પણ MCQ પેટર્ન ચાલુ રાખવામાં આવી હતી. જોકે, હવે આગામી પરીક્ષામાં MCQ પેટર્ન પણ હટાવી લેવામાં આવી છે અને વિદ્યાર્થીઓને સબ્જેક્ટિવ પ્રશ્નોના આધારે પરીક્ષા આપવાની રહેશે.

# ગાંધીનગર શહેરમાં પાંચમીએ પર્યાવરણ દિવસની ઉજવણી

## પર્યાવરણ જાગૃતિ રેલી અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકા, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ - ગાંધીનગર, નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર-ગાંધીનગર અને પેથાપુર નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી યોજવામાં આવી છે.

'સૌની સંગ, વાયુ પ્રદૂષણ સામે કરીએ જંગ' વિષયવસ્તુ આધારિત આ કાર્યક્રમ પાંચમી જૂનના રો સવારે ૯ કલાકે આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન કે પટેલ, મ્યુનિ. ડૉ. રતનકંવર એચ ગઢવીચારણ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ગાંધીનગર કચેરીના પ્રાદેશિક અધિકારી ડી સી વંકાણી, પેથાપુર નગરપાલિકાના ચીફ ઓફિસર વી એલ પ્રજાપતિ અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટરના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ આ પ્રસંગે આમંત્રિત અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

સવારે ૮.૩૦ કલાકે આમંત્રિતો, નાગરિકો દ્વારા ઘ-૪ સર્કલથી આંબેડકર હોલ સુધી પર્યાવરણ જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. એ પછી આમંત્રિતો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવશે.

સૌ પર્યાવરણપ્રેમી નાગરિકોને આ કાર્યક્રમમાં જોડવા માટે આયોજક સંસ્થાઓ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જન્મદિને વધામણી



છત્રસિંહ નરેન્દ્રસિંહ ચૌહાણ



નયનાબેન પી. પ્રજાપતિ



સાધનાબેન પરમાર
લાયોનેસ ક્લબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### એસએસવી કૅમ્પસ ખાતે પરફૉર્મિંગ આર્ટ્સ ઍકેડેમીનો પ્રારંભ

# ઍક્ટિંગ ક્લાસની પ્રથમ બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨

પરફૉર્મિંગ આર્ટ્સની તાલીમના ક્ષેત્રમાં નગરની સિનિયર સંસ્થા જી ઈ ક્લબ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના ઉપક્રમે કાર્યરત શિક્ષણ સંસ્થા એસએસવી કેમ્પસના ઉપક્રમે પરફૉર્મિંગ આર્ટ્સ એકેડેમીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

એકેડેમીના પ્રથમ ચરણમાં આજે એક્ટિંગ ક્લાસની શરૂઆત કરવામાં આવી છે.

એક્ટિંગ ક્લાસના તાલીમાર્થીઓ માટે આજે પરમાર્શન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તાલીમાર્થીઓ તેમના વાલીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

તાલીમાર્થીઓ-વાલીઓને માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે એક્ટિંગ ક્લાસ માટે શનિવાર-રવિવાર નિયત કરવામાં આવ્યો છે. શનિવારે સાંજે ૬થી ૭.૩૦ અને રવિવારે સવારે ૯થી ૧૨ દરમિયાન એક્ટિંગ ક્લાસ એસએસવી કેમ્પસ ખાતે કાર્યરત રહેશે. તાલીમાર્થીઓની વય પ્રમાણે બે વિભાગ નિયત કરવામાં આવ્યા છે. પહેલો વિભાગ ૮ વર્ષથી માંડીને ૧૪ વર્ષ સુધીનાં બાળકોનો રહેશે, બીજો વિભાગ ૧૫ વર્ષ કે તેથી વધુ વયના તાલીમાર્થીઓ માટેનો છે. કોર્સનો સમયગાળો ૪ માસનો છે.

કોર્સ પૂર્ણ થયે તાલીમાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે અને તેમને એક સ્ટેજ પરફોર્મન્સ આપવાનું કહેવામાં આવશે. ક્લાસમાં ૮૦ ટકા હાજરી ફરજિયાત છે. આ ત્રણ આવશ્યકતાઓ પૂર્ણ કરનાર તાલીમાર્થીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

સંસ્થા સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ નાટકો, શોર્ટ ફિલ્મ, ઓડિશન્સનું આયોજન કરતી હોય છે અથવા આવા અન્ય કાર્યક્રમોનાં આમંત્રણ તેને મળતાં રહે છે. આ સઘળા કાર્યક્રમો માટે તાલીમાર્થીઓને અગ્રતાક્રમ આપવામાં આવશે, એમ પણ તેમણે વધુમાં જણાવ્યું હતું.

### આજથી કરાટેના તાલીમવર્ગનો પ્રારંભ કરાશે

ઍકેડેમીના દ્વિતીય ચરણમાં સોમવાર, તા. ૩ જૂન, ૨૦૧૯થી કરાટે ક્લાસનો આરંભ થઈ રહ્યો છે.

ગાંધીનગરના જાણીતા કરાટે કોચ સમીર સુમરા દ્વારા શીતોરીયુ કરાટે ડો (શોવાકાન-જાપાન) કરાટે સ્ટાઈલની તાલીમ ઍસઍસવી કૅમ્પસ ખાતે આપવામાં આવશે.

કરાટે તાલીમવર્ગ સોમવાર અને બુધવારે સાંજે ૬.૦૦થી ૭.૩૦ દરમિયાન ઍસઍસવી કૅમ્પસ ખાતે કાર્યરત રહેશે.

# યુવા નિર્માણ ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ-સહાય




કોલવડા ગામના ચામુંડાપુરા, ઈન્દિરાનગર (ભીમ આવાસ)માં યુવા નિર્માણ ફાઉન્ડેશન દ્વારા કેજીથી માંડીને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ચોપડા, નોટ, પેન્સિલ, રબર, શાર્પનરનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઈન્દિરાનગરના વડીલોએ આ સેવાકાર્યમાં પોતાનો સહકાર પૂરો પાડ્યો હતો.

# ભવન્સ હૉલમાં 'ફોક ફ્યુઝન' કાર્યક્રમ યોજાયો







ગાંધીનગર, તા. ૨

ભારતીય વિદ્યા ભવન, અમદાવાદ નું સાંસ્કૃતિક એકમ 'ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેંટર ફોર આર્ટસ' અનેક સાંસ્કૃતિક પ્રવૃતિઓનું જાહેર આયોજન કલા અને સંસ્કૃતિ નું સંવર્ધન કરવાના એકમાત્ર હેતુથી કરે છે. ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ તમામ કલા-પ્રકલ્પોને યોગ્ય મંચ પૂરો પાડવો, અનુભવી અને ગૌરવ સમાન કલાકારોને યથોચિત સ્મૃતિ અર્પણ કરવી તેમજ નવા અને ઊગતા કલાકારોને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું એ આ સંસ્થાનો મૂળભૂત ધ્યેય છે.

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા "આઉટરીચ કલ્ચરલ પોગ્રામ" શ્રેણી અંતર્ગત એક નવતર કાર્યક્રમનું આયોજન "ફોક ફ્યુઝન" શીર્ષક સાથે કરવામાં આવ્યું હતું.

ગુજરાત, રાજસ્થાન અને પંજાબના લોકગીતોનો સમન્વય સાધીને "આરીફ મીર"ના કંઠે આ મધુર સંગીતમય કાર્યક્રમની રજૂઆત થઈ હતી, જેમાં રૂડી ને રંગીલી રે કાના તારી વાંસળી, બેડા મેલ્યા, મોર તારી સોનાની ચાંચ, જાગ રે માલણ જાગ, માડી હું તો બાર બાર વરસે આવીયો, લાડલી રુમઝુમ રે, ઘૂમર, શિવાજીનું હાલરડું, ચેલૈયાનું હાલરડું, કસુંબીનો રંગ, મસ્ત કલંદર, અલ્લા હુ... જેવી જાણીતી રચનાઓની રજૂઆત થઈ હતી. સંગીત પાર્થ મિસ્ત્રીએ આપ્યું હતું અને શબ્દોનો દોર હિમાંશુ ચૌહાણે બાંધી પ્રેક્ષકને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંકલન આરીફ મીર દ્વારા કરવામાં આવ્યું હતું.

પહેલી જૂને ભવન્સ ગીતા હોલમાં યોજવામાં આવેલો આ કાર્યક્રમ જાહેર જનતા માટે તદ્દન નિશુલ્ક હતો અને ખૂબ જ સારા પ્રમાણમાં પ્રેક્ષકોની હાજરી જોવા મળી હતી, જેમણે આ કાર્યક્રમને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું.

# જ્ઞાનની ગુરુચાવી ગ્રહણશક્તિ : ગ્રહણશક્તિની ગુરુચાવી માતૃભાષા

**માતૃભાષા-ચિંતન**
**હર્ષદ પ્ર. શાહ**

જગતનું કોઈ પણ પ્રકારનું જ્ઞાન મેળવવાની ગુરુચાવી 'ગ્રહણશક્તિ' છે. ગ્રહણશક્તિ ખીલશે તો કોઈ પણ વિષય જણાવો, સમજવો અઘરો નહીં લાગે. ગ્રહણશક્તિ જ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. એનું કામ ટીવીના એન્ટેના જેવું છે. એન્ટેના યોગ્ય દિશામાં ગોઠવેલું હશે તો જ ટીવીમાં દૃશ્ય સારું દેખાશે, અવાજ સ્પષ્ટ સંભળાશે. એમ વ્યક્તિના વ્યક્તિત્વનો આધાર સમગ્રપણે એની ગ્રહણશક્તિ પર રહેલો છે. બાળકનું મન, માનસ, મગજ અત્યંત નાજુક અને સંવેદનશીલ હોય છે. એ જ એનો એન્ટેના છે. એને કેવી રીતે ગોઠવવો એ એનાં માતાપિતાએ સારી પેઠે સમજવું જોઈએ.

ગ્રહણશક્તિનું આરંભબિન્દુ છે માતૃભાષા. ત્યાંથી જ જીવનની બધી રેખાઓ દોરાવાની શરૂઆત થાય છે. માતૃભાષાના શબ્દો દ્વારા જ બાળક સ્પંદનો અને સંવેદનાઓ ઝીલે છે અને પ્રસારિત પણ કરે છે. માતૃભાષા જ ગ્રહણશક્તિનો પાયો છે. પાયો મજબૂત હોય તો ઈમારત પણ મજબૂત ચણાય. કોઈપણ વિચાર માતૃભાષામાં જેટલો સમજાય તેટલો અન્ય ભાષામાં ન સમજાય. આ કથન નાની ઉંમરના બાળકને વધુ લાગુ પડે છે. એની ગ્રહણશક્તિ ખીલે અને ક્રમશઃ અન્ય ભાષાઓના સંપર્કમાં આવે પછી જ એ બધી ભાષાઓ એના જ્ઞાનાત્મક વિકાસનો સ્રોત બને છે. પરંતુ નાની ઉંમરથી જ, કવેળાએ બીજી ભાષાઓ સાથે જો બાળકને જોડવામાં આવે તો એની ગ્રહણશક્તિ ખીલવાને બદલે કુંઠિત થાય છે, અવરોધાય છે. આનું કારણ સ્પષ્ટ છે - નવી ભાષા શીખવામાં જ બાળકની બધી શક્તિ ખરચાઈ જાય છે અને જે ખરેખર શીખવાનું છે, ગ્રહણ કરવાનું છે તે બાજુએ રહી જાય છે. વિશ્વના અનેક શિક્ષણશાસ્ત્રીઓ અને મનોવિજ્ઞાનીઓ એક વાત ભારપૂર્વક માને છે કે નાની ઉંમરના બાળકને માતૃભાષા પહેલાં પરભાષા શીખવવામાં આવે તો એના નાજુક મગજ પર છ ગણો બોજો પડે છે. પરભાષા ગોખવી પડે છે. એના શબ્દો-એની વાક્યરચના બાળક માટે પરિચિત હોતાં નથી. ઘરમાં કે બહાર, ક્યાંય એ ભાષા વ્યવહારમાં બોલાતી હોતી નથી. તેથી શ્રવણ અને કથનનો કોઈ અવકાશ રહેતો નથી. શ્રવણ, કથન, વાચન અને લેખન - એ ભાષા સાથે એકરૂપ થવાના ચાર ક્રમિક તબક્કા છે. પરભાષા શીખવવામાં બાળકના શરૂઆતના જ બે તબક્કા ખોરવાય છે, નબળા પડે છે... જેની અસર છેવટે ગ્રહણશક્તિ પર પડે છે. પરિણામે ગ્રહણશક્તિ કેળવવામાં બહુ મોટો અવરોધ સર્જાય છે.

માટે જો કોઈ પરિવારમાં બધા જ સદસ્યો અંગ્રેજી ભાષા બોલતા હોય અને નિરંતર એ ભાષાના શબ્દો બાળકના કાને પડતા હોય તો બાળકને ગ્રહણશક્તિ કેળવવામાં વિક્ષેપ નહીં પડે. કારણ કે સ્વાભાવિક રીતે જ એ સંજોગોમાં અંગ્રેજી એની માતૃભાષાનું સ્થાન લઈ રહી છે. આ જ સિદ્ધાંત બધી ભાષાઓ માટે એટલો જ સત્ય સાબિત થઈ શકે.

જે ભાષામાં મનુષ્ય વિચારતો હોય, સ્વપ્ન જોતો હોય તે ભાષા જ એની સમજણ કેળવાય. સ્વાભાવિક રીતે જ મનુષ્યનો વિચારપ્રવાહ એની માતૃભાષામાં જ ચાલતો હોય છે. જો કે નિરંતર અભ્યાસ અને વાતાવરણને કારણે માણસ બીજી ભાષામાં પણ પોતાના વિચારપ્રવાહને ઢાળી શકે. પણ એ બહુ અઘરું છે. મહદ્ અંશે તો માણસના મગજમાં ભાષાંતરણ (ટ્રાન્સફોર્મેશન)ની જ પ્રક્રિયા થતી રહે છે. કોઈપણ વિચાર ઝબકે તો માતૃભાષામાં જ... પછી બીજી ભાષામાં એનું રૂપાંતરણ થતું હોય છે. ભાષા-રૂપાંતરણની આ પ્રક્રિયા થોડો વધુ સમય લઈ લે છે અને માટે ગ્રહણશક્તિના વિકાસમાં અને એની તીવ્રતામાં પણ એટલો જ ઘટાડો થતો દેખાય. માટે બાળકના વિકાસના આરંભમાં તો માતૃભાષાનો પ્રભાવ જ કલ્યાણકારી છે. માતૃભાષાનો પ્રભાવ બધા પ્રકારના અભાવોને દૂર કરવા સમર્થ છે. માટે જે માતા-પિતા પોતાના બાળકને સારું અંગ્રેજી આવડે એવું ઈચ્છતા હોય તેમણે બાળકને શરૂઆતનાં ૧૦ વર્ષ માતૃભાષા સાથે જ જોડવો જોઈએ. એમ કરવાથી જ ગ્રહણશક્તિનું પ્લેટફોર્મ મજબૂત થશે.

એક ઉદાહરણ લઈએ. વિમાનને આકાશમાં ઉડાન ભરતાં પહેલાં ધરતી પર - રનવે પર બે-ત્રણ કિલોમીટર દોડવું પડે છે, સીધી ઉડાન શરૂ થતી નથી. બાળકનાં શરૂઆતનાં ૧૦ વર્ષ રનવે જેવાં છે. શરૂઆતનાં ૧૦ વર્ષ ચિત્તવિકાસનાં એટલે કે ભાવાત્મક વિકાસનાં હોય છે, જે એના ચરિત્રનો પાયો રચે છે. ત્યાર બાદ જ્ઞાનાત્મક વિકાસનો તબક્કો શરૂ થાય. સંસ્કારના મજબૂત આધાર પર શિક્ષણની ઈમારત ચણી શકાય, શિક્ષણના આધાર પર સંસ્કાર આપવા કઠિન છે. સંસ્કાર આપવાનું ઉત્તમ માધ્યમ માતૃભાષા છે. આમ અનેક દૃષ્ટિકોણથી જોઈએ તો બાળકના શિક્ષણની શરૂઆત માતૃભાષામાં જ થવી જોઈએ. પછી એ પ્રવેગી ગતિથી વિકાસ કરશે. પછી એને અંગ્રેજી ભાષા પણ અઘરી નહીં લાગે. અંગ્રેજી તો શું, જગતની અનેક ભાષામાં ડોકિયું કરવાની એની ક્ષમતા વધી જશે. આ પ્રક્રિયા જ વૈજ્ઞાનિક-મનોવૈજ્ઞાનિક રીતે સત્ય છે.

બાળક ઘણી બધી વાતો પોતાની આંતરિક શક્તિથી, કોઈ એને શિખવાડે એ પહેલાં શીખી લે છે. કંઈ પણ શીખવાનો આધાર છે પ્રેરણા અને રુચિ. કંઈ પણ શીખવાનું બળ છે ગ્રહણશીલતા. જેમ સૂર્યનો પ્રકાશ ઝીલવા માટે કમળ પોતાની પાંખડીઓ ફેલાવે છે અને વિકસે છે તેમ બાળકના વિકાસમાં ગ્રહણશીલતા નામનું પરિબળ કામ કરે છે. એ જ એનો સાચો પ્રકાશ છે. ગ્રહણશીલતા જન્માવવામાં આવે તો આ ધરતી કે બ્રહ્માંડની કોઈ પણ વાત સમજવી એના માટે અઘરી નથી, કોઈ વિષય એને માટે અઘરો નથી. અંધારાને કોસવાથી કે ગાળો દેવાથી કંઈ અંધારું દૂર થઈ જતું નથી. સૂર્યપ્રકાશનું એક કિરણ પડતાં જ અંધારું ભાગે છે. ગ્રહણશીલ વ્યક્તિત્વ પાસે અજ્ઞાનરૂપી અંધારું ટક્કર ઝીલી શકતું નથી. જીવનને સુંદર, સુદૃઢ, સક્ષમ અને સંસ્કારી બનાવવા માટે જે કંઈ શીખવાની જરૂર છે એ શીખવવા મદદે આવે છે ગ્રહણશક્તિ.

નાનપણથી જ બે-અઢી વર્ષની ઉંમરથી જ - અંગ્રેજી ભાષા શીખવી દેવાની એક નઠારી ઘેલછા માતા-પિતામાં જન્મી છે. ગ્રહણશીલતાનો ઉપર ચર્ચિત સિદ્ધાંત જો સાચી રીતે સમજે તો માતા-પિતા ભૂલ નહીં કરે. બાળકની કેરિયર ઘડવા માટે એના વ્યક્તિત્વનો ભોગ લે છે. એના ભવિષ્યને સુધારવા માટે એના વર્તમાનનો, મહામૂલા બાળપણનો ભોગ લે છે. અંગ્રેજી આવડી જશે તો ગ્રહણશીલતા ખીલશે એવું નહીં, ગ્રહણશીલતા ખીલશે તો અંગ્રેજી જરૂર આવડી જશે.

ગ્રહણશીલ થવું એટલે જીવનસત્ત્વ ઝીલવું. બધી આવશ્યક બાબતોને ઝીલીને પોતાના વ્યક્તિત્વમાં ઉમેરવાનું કામ આવી વ્યક્તિ કરી શકે છે. એનો એન્ટેના સક્રિય હોય છે, જે વાતાવરણના તરંગોને સફળતાથી ઝીલી શકે છે.

માટે, બધાં માતા-પિતાને મારી અંતઃકરણપૂર્વકની વિનંતી છે કે બાળકને કયા માધ્યમમાં મૂકવું એનો શુદ્ધ બુદ્ધિથી વિચાર કરે. આ માટે આ સૂત્રને ધ્યાનથી વાંચે : માતૃભાષા માધ્યમ, ઉત્તમ અંગ્રેજી.

માતૃભાષા જેના જીવનવિકાસનો પાયો હશે એ ક્યાંય પાછો નહીં પડે. અંગ્રેજીની ખોટી શરૂઆત કરી બાળકને 'નહીં ઘરનો, નહીં ઘાટનો' એવો ન બનાવો. માતૃભાષાથી પ્રારંભ કરી બાળકને 'સર્વાંગ સંપૂર્ણ' બનાવો. એમાં જ બાળકનું, તમારું, પરિવારનું અને રાષ્ટ્રનું હિત છે.

પ્રતિભાવ આવકાર્ય
matrubhasha.gaurav@gmail.com

# ગાંધીજીનો વિનોદ

॥ ૪૬મો મણકો ॥

### ૧૧૨ - ચંદ્રમાની કળા જેવી તબિયત




એક વાર ગાંધીજીની તબિયત સારી રહેતી ન હતી. થોડા દિવસ સારી રહે તો થોડા દિવસ બગડે, એમ ચાલ્યા કરતું હતું. મિત્રો અને સાથીઓ એનાથી ચિંતાતુર રહેતા. એવા ચિંતાતુર મિત્રોની ચિંતા દૂર કરવાનો ગાંધીજી પાસે વિનોદનો અદ્ભુત કીમિયો હતો.

તેમણે પોતાની તબિયત વિશે એક મિત્રને લખ્યું, મારી તબિયત ચંદ્રમાની કળા જેવી છે. વધે છે ને ઘટે છે. માત્ર અમાવસ્યામાંથી છટકી જાય છે.

### ૧૧૩ - આવકાર

૧૯૪૭ના સપ્ટેમ્બર માસની ૨૬મી તારીખ હતી. ગાંધીજીને તાવ ચડ્યો હતો. સાથે ઉધરસ અને શરદી પણ હતાં. દાક્તરોએ મુલાકાતો પર પ્રતિબંધ મૂક્યો. કાંતવાની પણ ના પાડી. પણ ગાંધીજીએ તેમનું માન્યું નહીં.

હું દુખીઓનાં દુખની વાત સાંભળીને તેમને આશ્વાસન પણ ના આપી શકું તો આ જીવનનો હવે ઉપયોગ શો ? કારણ કે હું તેમને માટે આનાથી વધારે તો કશું કરતો નથી ને !

આમ પોતાની વેદના વ્યક્ત કરી તેમણે મુલાકાતીઓને મળવાનું ચાલુ રાખ્યું. મૃત્યુ આવે તો કામ કરતાં કરતાં ચાલ્યા જવાનું તેમને પસંદ હતું.

એક દિવસ એક મુલાકાતી આવ્યા ત્યારે તેમને આવકારવાના શબ્દો પણ તેઓ બોલી ન શક્યા અને ખૂબ ઉધરસ ખાવા લાગ્યા. ઉધરસ મટી ત્યારે વિનોદ કરતાં તેમણે કહ્યું,

જોયું ને ! હું તમને કેવી રીતે આવકારું છું ?

### ૧૧૪ - તો બોડકું કરોને

ગુજરાતનાં એક કાર્યકર બહેન એક દિવસ ગાંધીજીને મળવા ગયાં. ગાંધીજી ત્યારે બીજા કાર્યકરો સાથે કંઈક ચર્ચા કરી રહ્યા હતા. પેલાં બહેન મૂંગા રહી ત્યાં ઊભા રહ્યાં. ચર્ચા પતાવીને ગાંધીજીએ તેમના તરફ જોયું. તે બહેને લાંબો ચોટલો કપાવીને બૉબ્ડ હૅર કરાવ્યા હતા. ગાંધીજીને આ ફેરફાર પછી તે પહેલી જ વાર મળતાં હતાં.

કેમ વાળ કપાવી નાખ્યા ? ગાંધીજીએ કુતૂહલથી પૂછ્યું.

એનાથી સગવડ સારી રહે છે. બહેને જવાબ આપ્યો.

ગાંધીજીને એમાં સગવડ કરતાં ફૅશનની ગંધ આવી તેથી તેઓ બોલ્યા, સગવડ જ જોઈતી હોય તો મીરાંબહેન જેવું બોડકું કરાવોને.




'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર